<u>ચાલુ બાબત ૨૦૨૬-૨૭</u>

મહિલા અને બાળ વિકાસ વિભાગ હસ્તકની સંકલિત બાળ વિકાસ સેવા યોજનાની રૂ. ૧૦૦ કરોડથી ઓછી રકમની ચાલુ બાબતોને વહીવટી મંજૂરી આપવા બાબત

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

File No.- WCDD/CIE/e-file/23/2025/1178/B

સચિવાલય, ગાંધીનગર.

<u>ઠરાવ :</u>

મહિલા અને બાળ વિકાસ વિભાગ હસ્તકની આઇ.સી.ડી.એસ.ની યોજનાકીય બાબતો અંગે ૨૦૨૬-૨૭ના અંદાજપત્રમાં માંગણી ક્રમાંક ૯૫, ૯૬ અને ૧૦૬ હેઠળ વિભાગ-૨, ચાલુ બાબત, મહેસૂલ/મૂડી સદરે, ભારત સરકાર અને રાજ્ય સરકારના ફાળા પેટે રૂ. ૧૦૦ કરોડથી ઓછી રકમની આ સાથે બિડેલ પરિશિષ્ટ-૧ મુજબની કુલ- ૩૦ ચાલુ બાબતો માટે કુલ રૂ. ૭૦૨.૭૭ કરોડની કરવામાં આવેલ બજેટ જોગવાઇમાંથી ખર્ચ કરવાની આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

આ અંગેનો ખર્ચ સામેલ પરિશિષ્ટમાં દર્શાવ્યા મુજબ જે તે અંદાજપત્રીય સદરની બજેટ જોગવાઇની મર્યાદામાં નીચે દર્શાવેલ શરતોને આધીન કરવાનો રહેશે.

<u>શરતો:</u>

૧. આ યોજનાનો ખર્ચ તા. ૦૧.૦૪.૨૦૨૬ થી કરવાનો રહેશે.

૨. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

૩. આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૪. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિંધ્ધાતોનો અમલ કરવાનો રહેશે.

૫. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

૬. યોજના હેઠળ અગાઉ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૭. સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં ખરીદી ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા તેમજ ખરીદ પધ્ધતિ મુજબની ખરીદી માટેની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. તથા તે મુજબ ખરીદી કરવાની રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ મુજબ ઉદ્યોગ અને ખાણ વિભાગ પાસેથી ના વાંધા પ્રમાણ પત્ર (No Objection Certificate) મેળવ્યા પછીજ ખરીદી કરવાની રહેશે. ત્યારબાદ વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.સાધન/કીટની ગુણવતા સુનિશ્ચિત કરવાની રહેશે.

૮. આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઈ ઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૯. આઈ.ટી.સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતો-વખતની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૦. યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.

૧૧. Social Audit અને Third Party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુકરવાનું રહેશે.

૧૨. અંદાજ સમિતિની ભલામણ અનુસાર રાજ્ય વિધાનમંડળ દ્વારા કોઇ નવી સેવા અથવા સેવાના નવા સાધન માટે અંદાજપત્રમાં માંગણી મંજૂર કરવામાં આવી હોય અને એ બાબતે બે વર્ષ સુધી કોઇ ખર્ચ કરવામાં આવ્યુ ન હોય, તો પછી વિધાનમંડળની મંજૂરી રદ્દ થઇ ગયેલ સમજવી. ત્યારબાદ જો તે બાબત પર ખર્ચ કરવાનુ આવશ્યક બને તો નવેસરથી વિધાનમંડળની મંજૂરી મેળવવાની રહેશે.

૧૩. C.M Dash Board સાથે યોજના Link કરવાની રહેશે.

૧૪. યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

૧૫. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ સને ૨૦૨૬-૨૭ ના નાણાકીય વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

૧૬. પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહશે.

૧૭. બાંધકામના કામોમાં P.W.D. મેન્યુઅલની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

૧૮. આ કામ માટે જમીન સંપાદન કરવાની જરૂરીયાત હોય તેવા સંજોગોમાં જમીન સંપાદન અંગેની કાર્યવાહી વિભાગ કક્ષાએ સત્વરે પૂર્ણ કરાવી લેવાની રહેશે અને જમીન સંપાદન અંગેની કામગીરી પૂર્ણ કર્યા બાદ જ વર્ક ઓર્ડર આપવાના રહેશે.

૧૯. રેલ્વે, વન અને પર્યાવરણ વિભાગ, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની મંજૂરી કે જમીન સંપાદનની આવશ્યકતા જણાતી હોય તો આવી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે. આવી જરૂરી મંજૂરી મેળવવામાં જો વિલંબ થવાનું જણાય તો વર્કઓર્ડર આપતાં પહેલાં જરૂરી ચોકસાઈ કરી લેવાની રહેશે.

૨૦. જમીન સંપાદન/પુન:સ્થાપન કે પુન:વસન વિ. કામગીરી પ્રોજેક્ટની સમયમર્યાદાને અસર ન કરે તે રીતે પૂર્ણ કરવાના રહેશે.

૨૧. સદર બાંધકામ અંગેની કામગીરી પ્રોજેક્ટને અસર ન થાયે તે રીતે નિયત સમયમર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે. આ બાંધકામ અંગે જો કોઈ લિટીગેશન, પબ્લિક કોર્ટ કેસ પડતર હોય તો પ્રોજેક્ટને અસર ન થાય તે રીતે નિયત સમયમર્યાદામાં યોગ્ય નિકાલ કરવાનો રહેશે.

૨૨. આ યોજનાની અમલવારી અર્થે કોઇ અન્ય વિભાગ સાથેના Linkagesની કામગીરી પ્રોજેક્ટની સમયમર્યાદાને અસર ન કરે તે રીતે પૂર્ણ કરવાના રહેશે

૨૩. આ કામની ડિઝાઈન તૈયાર કરતી વખતે અને યોજનાનાં અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીની માર્ગદર્શક સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૨૪. મંજૂર થયેલ અંદાજોમાં કોઈ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે.

૨૫. બાંધકામ અંગેની કામગીરી સંદર્ભે સરકારશ્રીની મંજૂરીથી જો કોઈ અલાયદા એકમને બાંધકામની જવાબદારી સોંપવામાં આવી હોય તે સિવાયના બાંધકામના તમામ કિસ્સાઓમાં રાજય સરકારના માર્ગ અને મકાન વિભાગ મારફત જ કામગીરી કરાવવાની રહેશે.

૨૬. આ બાંધકામ અંદાજોની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

૨૭. સૂચિત કામો પૈકી જે કામો MNREGA હેઠળ આવરી લેવાય તેમ હોય તેવા કામોનો ખર્ચ MNREGA યોજના હેઠળ ઉધારવામાં આવે તે અંગેની વિભાગે તકેદારી રાખવાની રહેશે.

૨૮. જો મકાન તોડી પાડવાનું હોય તો મકાન તોડી પાડવાની અનુમતિ સક્ષમ કક્ષાએથી મેળવ્યા બાદ ગ્રાન્ટ રીલીઝ કરવાની વિભાગે તકેદારી રાખવાની રહેશે.

૨૯. કેન્દ્ર પુરસ્કૃત યોજના હોય તો ભારત સરકાર પાસેથી સમયસર નાણા મેળવવાના રહેશે તેમજ ભારત સરકાર દ્વારા નિયત કરેલ શરતોનું પાલન કરવાનું રહેશે.

૩૦. પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ તેના સુચારુ ઉપયોગ અને અમલવારી માટે operation and maintenance ની યોગ્ય વ્યવસ્થા અને આયોજન કરવાનું રહેશે.

૩૧. નાણા વિભાગના કરકસર પ્રભાગ દ્વારા વખતો વખત બહાર પાડવામાં આવતી કરકસર અંગેની સુચનાઓનું વિભાગે ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૩૨. સદર યોજના રાજ્ય સરકારના ફાળા સિવાય બાહ્ય સહાયિત, લોન કે કેન્દ્રિય ફાળાથી કરવાની હોય તો તે સમયસર મેળવી લેવા અંગે જરૂરી કાર્યવાહી સમયસર કરવાની રહેશે.

૩૩. GIDB ના તા. ૩૦/૦૩/૨૦૨૨ના પત્ર મુજબ PM ગતિ શક્તિ ગુજરાત-ઈન્ટિગ્રેટેડ માસ્ટર પ્લાન પોર્ટલ સાથે લિંકેજ કરાવી, ઈન્ટિગ્રેશન કમ્પ્લીશન સર્ટિફિકેટ વીથ યુનિક આઈડી જનરેટ કરાવી લેવાનું રહેશે.

૩૪. પારદર્શક પ્રક્રિયા અનુસરી લાભાર્થીની પસંદગી કરવાની રહેશે.

૩૫. સમગ્ર પ્રોજેક્ટ તેની વહીવટી મંજૂરીની મર્યાદામાં સમયસર પૂર્ણ થાય તે રીતે સમયબદ્ધ નાણાકિય આયોજન કરવાનું રહેશે. તે માટેના જરૂરી નાણાકીય સ્રોત પાસેથી સમય સર ફંડ ઉપલબ્ધ થાય તેનું આયોજન કરવાનું રહેશે.

૩૬. આ યોજના હેઠળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં જ તેમજ અંદાજપત્રીય જોગવાઇની મર્યાદામાં જ સહાય ચુકવવાની રહેશે. કોઇપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકિય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહી તે મુજબનું આયોજન કરવાની તકેદારી વિભાગે રાખવાની રહેશે.

૩૭. આ યોજનાનો અમલ જરૂર જણાયે સરકારશ્રીની પ્રવર્તમાન સૂચના/નિયમોને આધિન સંબંધિત નોડલ એજન્સી મારફતે કરવાનો રહેશે.

૩૮. ઓનલાઇન અરજી કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.

૩૯. નાણાકિય સહાય નિયત કરેલ સમયાંતરે DBT પદ્ધતિથી જ આપવાની રહેશે.

૪૦. આ યોજનાને DBT Portal ઉપર ફરજિયાત નોંધવાની રહેશે.

૪૧. કેન્દ્ર સહાયિત યોજનામાં ફંડ કેન્દ્ર સરકાર ફાળવે તે મુજબ જ યોજનાકીય લાભ લાભાર્થીને આપવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા સલાહકારશ્રીના પરામર્શમાં સચિવશ્રીની તા. ૦૨/૦૫/૨૦૨૬ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જયશ્રી પી. વસાવા)

નાયબ સચિવ

મહિલા અને બાળ વિકાસ વિભાગ

બિડાણ :- પરિશિષ્ટ-૧

પ્રતિ,

(૧) માન. રા.ક.મંત્રીશ્રી(મ.બા.ક.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

(૨) અધિક મુખ્ય સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૩) સચિવશ્રી (આ.બા.)ના અંગત મદદનીશશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૪) સચિવશ્રી (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૫) સચિવશ્રી(આયોજન)ના અંગત સચિવ, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૬) સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

(૭) સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

(૮) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૯) કમિશ્નરશ્રી(આઇસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

(૧૦) નાણાં સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૧૧) સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી

(૧૨) સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન

(૧૩) વિભાગીય નાયબ નિયામકશ્રી (આઇસીડીએસ) અમદાવાદ/વડોદરા સુરત રાજકોટ

(૧૪) સર્વે પ્રોગ્રામ અધિકારીશ્રી (આઇસીડીએસ), જિલ્લા પંચાયત કચેરી

(૧૫) સર્વે પ્રોગ્રામ અધિકારીશ્રી (આઇસીડીએસ), મ્યુનિસિપલ કોર્પોરેશન

(૧૬) એકાઉન્ટન્ટ જનરલ શ્રી, અમદાવાદ/રાજકોટ

(૧૭) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર

(૧૮) નિવાસી ઓડિટ અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર

(૧૯) તિજોરી અધિકારીશ્રી, તિજોરી અધિકારીશ્રીની કચેરી, જિલ્લા પંચાયત તમામ.

(૨૦) સિસ્ટમ મેનેજરશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, વેબસાઇટ ઉપર મુકવા સારૂ.

(૨૧) શાખા સિલેક્ટ ફાઇલ

## પરિશિષ્ટ ૧

Enclosure to Women & Child Development Resolution No.WCDD/CIE/e-file/23/2025/1178/B

રૂ. કરોડમાં

| ક્રમ | સદર | વિષય | મંજૂર જોગવાઇ |
|---|---|---|---|
| ૧ | ૯૬-૨૨૩૬-૦૨-૭૯૬-૨૪ (૫૦% CSS) | કિશોરીઓ માટેની યોજના (એસ.એ.જી) -પોષણ (૫૦% કેન્દ્ર) | ૮.૨૯ |
| ૨ | ૯૬-૨૨૩૬-૦૨-૭૯૬-૨૫ (૫૦% State) | કિશોરીઓ માટેની યોજના (એસ.એ.જી) -પોષણ (૫૦% રાજ્ય) | ૮.૨૯ |
| 3 | ૧૦૬-૨૨૩૬-૦૨-૧૦૧-૨૦ (૧૦૦% State) | પોષણ સર્વે તથા સર્વેલન્સ સિસ્ટમ (૧૦૦% રાજ્ય) | ૨.૦૦ |
| | | | |

| | | | |
|---|---|---|---|
| ૪ | ૧૦૬-૨૨૩૬-૦૨-૧૦૧-૨૧ (૧૦૦% State) | વિજાણુંયંત્ર માળખાગત વ્યવસ્થા (૧૦૦% રાજ્ય) | ૫.૪૬ |
| ૫ | ૯૬-૪૨૩૫-૦૨-૭૯૬-૦૧ (૧૦૦% State) | આદિજાતિ વિસ્તારોમાં આંગણવાડીનું બાંધકામ (૧૦૦% કેન્દ્ર) | ૦.૦૧ |
| ૬ | ૧૦૬-૪૨૩૫-૦૨-૧૦૨-૦૧ (૧૦૦% State) | બ્લોક ઓફિસોનું બાંધકામ, રિપેરિંગ તથા આધુનિકીકરણ (૧૦૦% રાજ્ય) | ૦.૦૧ |
| ૭ | ૧૦૬-૨૨૩૬-૦૨-૧૦૧-૯૯ (૧૦૦% State) | નેશનલ ન્યુટ્રિશન મિશન અંતર્ગત પગાર ભથ્થા | ૦.૨૮ |
| ૮ | ૧૦૬-૨૨૩૫-૦૨-૧૦૨-૦૩ (૬૦% CSS) | National Creche Scheme (60% CSS ) | ૦.૦૧ |
| ૯ | ૧૦૬-૨૨૩૫-૦૨-૧૦૨-૦૪ (૪૦% State) | National Creche Scheme (40% State ) | ૦.૦૧ |
| ૧૦ | ૯૫-૨૨૩૬-૦૨-૭૮૯-૦૪ (૪૦% State) | સંકલિત બાળ વિકાસ યોજના માનદ વેતન (૪૦% રાજ્ય) | ૧૨.૩૭ |
| ૧૧ | ૧૦૬-૨૨૩૬-૦૨-૧૦૧-૧૯ (૧૦૦% State) | સંકલિત બાળ વિકાસ યોજનાનું સશક્તિકરણ (૧૦૦% રાજ્ય) | ૮૪.૬૪ |
| ૧૨ | ૧૦૬-૨૨૩૬-૦૨-૧૦૧-૨૮ (૧૦૦% State) | સી.ડી.પી.ઓ., મુખ્ય સેવિકા, આંગણવાડી કાર્યકર, તેડાગરની તાલીમો (૧૦૦% રાજ્ય) | ૧૬.૫૩ |
| ૧૩ | ૯૬-૨૨૩૬-૦૨-૭૯૬-૨૮ (૧૦૦% State) | સ્ટેટ કન્ટીજન્સી ખર્ચ (કન્ટીજન્સી, ફર્નિચર, PoL ) (૧૦૦% રાજ્ય) | ૧.૪૧ |
| ૧૪ | ૯૬-૨૨૩૬-૦૨-૭૯૬-૨૯ (૧૦૦% State) | સ્પોટ ફિડીંગ પ્રોગ્રામ પોષણ સુધા યોજના (૧૦૦% રાજ્ય) | ૮૬.૬૪ |
| ૧૫ | ૧૦૬-૨૨૩૬-૮૦-૦૦૧-૦૧ (૧૦૦% State) | પગાર અને ભથ્થા, P o L વગેરે (૧૦૦% રાજ્ય) | ૮.૯૦ |
| ૧૬ | ૧૦૬-૨૨૩૬-૦૨-૧૦૧-૦૬ (૪૦% State) | રાષ્ટ્રીય પોષણ અભિયાન (૪૦% રાજ્ય) | ૩૮.૮૨ |
| ૧૭ | ૧૦૬-૨૨૩૬-૦૨-૧૦૧-૦૫ (૬૦% CSS) | રાષ્ટ્રીય પોષણ અભિયાન (૬૦% કેન્દ્ર) | ૫૮.૨૨ |
| ૧૮ | ૧૦૬-૨૨૩૬-૦૨-૧૦૧-૧૮ (૧૦૦% State) | માતા યશોદા એવોર્ડ પ્લાન (૧૦૦% રાજ્ય) | ૮.૩૭ |
| ૧૯ | ૯૫-૨૨૩૬-૦૨-૭૮૯-૦૩ (૬૦% CSS) | સંકલિત બાળ વિકાસ યોજના માનદ વેતન (૬૦ %કેન્દ્ર | ૧૮.૫૫ |

| | | | |
|---|---|---|---|
| ૨૦ | ૧૦૬-૨૨૩૬-૦૨-૧૦૧-૨૫ (૧૦૦% State) | આઉટસોર્સ મેનપાવર પગાર (૧૦૦% રાજ્ય) | ૧૪.૮૪ |
| ૨૧ | ૯૫-૨૨૩૫-૦૨-૭૮૯-૦૪ (૫૦% CSS) | આઇ.સી.ડી.એસ. પૂરક પોષણ કાર્યક્રમ (ટીએચઆર અને એચસીએમ) (૫૦% કેન્દ્ર) | ૨૬.૩૬ |
| ૨૨ | ૯૫-૨૨૩૫-૦૨-૭૮૯-૦૫ (૫૦% State) | આઇ.સી.ડી.એસ. પૂરક પોષણ કાર્યક્રમ (ટીએચઆર અને એચસીએમ) (૫૦% રાજ્ય) | ૨૬.૩૬ |
| ૨૩ | ૯૬-૨૨૩૬-૦૨-૭૯૬-૧૬ (૬૦% CSS) | માનદ વેતન, લોજીસ્ટિક વગેરે (૬૦% કેન્દ્ર) | ૭૬.૧૭ |
| ૨૪ | ૯૬-૨૨૩૬-૦૨-૭૯૬-૧૭ (૪૦% State) | માનદ વેતન, લોજીસ્ટિક વગેરે (૪૦% રાજ્ય) | ૫૦.૭૯ |
| ૨૫ | ૧૦૬-૪૨૩૫-૦૨-૧૦૨-૦૪ (૪૦% State) | આંગણવાડી કેન્દ્રોનું રીપેરીંગ કામ (૪૦% રાજ્ય) | ૬૭.૫૯ |
| ૨૬ | ૧૦૬-૨૨૩૬-૦૨-૧૦૧-૨૭ (૧૦૦% State) | રાજ્ય અને જિલ્લા કક્ષાએ આઇ.ઇ.સી.ની પ્રવૃતિ કરવા માટે (૧૦૦% રાજ્ય) | ૨૪.૨૫ |
| ૨૭ | ૯૬-૨૨૩૬-૦૨-૭૯૬-૧૫ (૧૦૦% State) | સ્ટેટ કન્ટીઝન્સી ખર્ચ (૧૦૦% રાજ્ય) | ૧.૩૪ |
| ૨૮ | ૧૦૬-૨૨૩૫-૦૨-૧૦૨-૯૯(૧૦૦% State) | પાલના ક્રેચ ફેસીલીટી અંતર્ગત પગાર ભથ્થા | ૦.૦૧ |
| ૨૯ | ૧૦૬-૨૨૩૬-૮૦-૦૦૧-૦૬ | **POL** અને ભાડાના વાહનો, કન્ટીજન્સી, ફર્નિચર અને ઇક્વિપમેન્ટ (૧૦૦% રાજ્ય) | ૧૨.૫૫ |
| ૩૦ | ૧૦૬-૨૨૩૬-૦૨-૧૦૧-૨૬ (૧૦૦% State) | દૂધ સંજીવની યોજના (૧૦૦% રાજ્ય) | ૪૩.૭૦ |
| કુલ રકમ | | | ૭૦૨.૭૭ |

*Signature Not Verified*

*Signed by:J P Vasava*
*Deputy Secretary*
*Date:2026.05.05*
*10:56:06 +5:30*


*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*